### વડાપ્રધાનની ભાવનગર ખાતે 'પાપાની પરી' સમુહ લગ્નોત્સવમાં હાજરી

# સમૂહલગ્ન બાદ નાત જમાડવાનું બંધ કરો : મોદી

## પિતાની છત્રછાયા ગુમાવનાર ૫૫૨ દીકરીઓને મોદીએ આશીર્વાદ આપ્યા

ભાવનગર, તા.૬

વલસાડમાં ભવ્ય જનસભા સંબોધીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાવનગર પહોંચ્યા હતા. તેમણે અહીં 'પાપાની પરી' સમુહ લગ્નોત્સવમાં હાજરી આપી હતી. ભાવનગરમાં રોડ શો બાદ તેઓ લગ્નોત્સવના સ્થળે પહોંચ્યા હતા, જ્યાં તેમણે ૫૫૨ દીકરીઓને આશીર્વાદ આપ્યા હતા.

લગ્નોત્સવમાં સંબોધન સમયે પીએમ મોદીએ લખાણી પરિવારના વખાણ કરતા કહ્યું કે, હું લાખાણી પરિવારનો આભાર માનુ છું કે તેઓએ મને આ પવિત્ર કાર્યમાં સાક્ષી બનવાનો મોકો આપ્યો. અનુમાન લગાવીને કહી શકુ છું કે લખાણી પરિવારના કુટુંબના લગ્ન આવી રીતે નહિ થાય હોય. સમાજ માટેની ભક્તિ અને ભક્તિનો ભાવ ન હોય તો આવુ કામ કરવાનું ન સૂઝે. લખાણી પરિવાર તમારા પૂર્વજોને પ્રમાણ કરુ છું કે જેઓએ તમને આવા સંસ્કાર આપ્યા. ધન તો ઘણા પાસે હોય છે, પરંતુ અહી ધનની સાથે મન પણ દેખાય છે. મન હોય તો માળવે જવાય. સમાજ માટે કંઈક કરવાની પ્રેરણા અહી છે. લગ્ન તો આજે છે, પરંતુ લખાણી પરિવારની લગની બારેય મહિના તેમા ડુબેલી હતી. ૬ મહિના પહેલા આગોતરુ નિમંત્રણ આપ્યુ હતું. પોતાના ઘરના લગ્ન હોય તેમ આખો પરિવાર મને નિમંત્રણ આપવા આવ્યો હતો. આખુ કુટુંબ મને મળવા આવ્યુ હતું. પરિવારની આંખોમાં દીકરીઓ માટેનો સ્નેહ વરસતો હતો. તેઓએ એક-એક દીકરી વિશે મને આંગળી મૂકીને સમજાવ્યુ હતું. લાગણીમાં ડુબેલો આ પરિવાર છે. આવા સમારોહમા કુંટુંબના લોકો આવીને સ્વાગત કરે, આ ઘટના નાની નથી. આમા સંસ્કાર, સદભાવ અને સમાજ માટે શ્રદ્ધા છે. તેથી હું આ પ્રસંગ લખાણી પરિવાર ગુજરાતના લોકો માટે પ્રેરણાનું તીર્થ કેવી રીતે બને.

ગુજરાતમાં લગ્નો પાછળ થતા ખર્ચા વિશે પીએમ મોદીએ કહ્યું કે, સમૂહ લગ્નો ગુજરાતે સ્વીકાર્યા છે. પહેલા ચડસાચડસીમાં, તેમજ સમાજમાં આબરુ બતાવવા, દેવુ કરીને પણ લોકો ધામધૂમથી લગ્ન કરાવતા. લગ્નોમાં દેવાના ડુંગર થાય, તેની સ્પર્ધા ચાલતી હતી. ધીરે ધીરે સમાજમાં જાગૃતત આવી, સમૂહલગ્નને રિવાજ ઉભો થયો. પરંતું એવુ પણ થાય છે કે, સમૂહ લગ્ન તો થાય, પણ પછી ઘરે ગયા પછી મનમાં કીડો સળવળે. સમૂહ લગ્ન બાદ નાતનું કંઈક કરવુ પડે તેવા વિચારો મનમાં આવે. નાતને જમાડવા પડે તેવા વિચારો આવે એટલે મુસીબતો શરૂ થાય. ઘરે ગયા બાદ બીજો સમારોહ થાય, તેવુ ન કરો. દેવાના ડુંગરમાં ન ડૂબો, પૈસા ઉછળતા હોય તો સારા કામ માટે મૂકી રાખો. તમારા સંતાનોના ભવિષ્ય માટે કામ આવશે. આટલી પવિત્રતાથી તમારી સંસાર યાત્રા શરૂ થતી હોય તો આવુ ન કરો.

આ સમૂહ લગ્નના વખાણ કરતા તેમણે કહ્યું કે, લખાણી પરિવારે મોટુ કામ કર્યુ છે, તેઓએ એવી દીકરીઓ શોધી જેઓએ પોતાના પિતા ગુમાવ્યા છે. તેવી દીકરીઓને જીવનના અવસર પર ઓછું ન આવે, તે ભાવથી આ કામ કરાયુ છે. પિતૃતુલ્ય ભાવથી લખાણી પરિવાર તમારા જીવન સાથે જોડાયો છે. ગુજરાતની વિશેષતા રહી છે કે, સમાજ માટે કંઈક કરતા રહેવું. આપણને આ અવસર મળ્યો તો સમાજ માટે કંઈ કરી શકાય. સમાજ જીવનમાં તાકાત પડી છે. કુપોષણ અને ટીબીની બીમારી સામે લડવા ગુજરાતમાં લાખો લોકો આગળ આવ્યા, અને બાળકો માટે મદદે આવ્યા.

ઉલ્લેખનીય છે કે, ભાવનગરમાં રવિવારે સાંજે 'પાપાની પરી'ના નામે ભવ્ય સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું.. ભાવનગરના હીરા ઉદ્યોગપતિ લખાણી પરિવાર દ્વારા આ વિશેષ આયોજન કરાયુ છે. જેમાં જવાહર મેદાન ખાતે માતાપિતા ગુમાવનાર, તેમજ સમસ્ત હિન્દુ સમાજની ૫૨૨, ઉપરાંત મુસ્લિમ સમાજની ૨૭ અને ખ્રિસ્તી સમાજની ૩ સહિત ૫૫૨ દીકરીઓના સમૂહ લગ્ન યોજાયા હતા. ત્યારે આ પ્રસંગે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિતના હોદેદારો પણ હાજર રહ્યાં હતા.

### વાંકાનેર, ચોટીલા અને રાજકોટમાં આપનો રોડ શો

# તમારો ભાઈ બનીને મોંઘવારી દૂર કરીશઃ અરવિંદ કેજરીવાલ

ગુજરાતમાં પરિવર્તનની લહેર પૂરજોશમાં ચાલી રહી છે. હવે ચૂંટણીમાં માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને આમ આદમી પાર્ટી ગુજરાતની જનતા માટે પૂરા જોર સાથે આ ચૂંટણીમાં ઉતરી ચૂકી છે. ગુજરાતના લોકો દ્વારા પહેલાથી જ આમ આદમી પાર્ટીને જબરદસ્ત સમર્થન મળી રહ્યું હતું, પરંતુ બે દિવસ પહેલા જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીના ચહેરા તરીકે ઈસુદાન ગઢવીના



નામની જાહેરાત કરવામાં આવી, ત્યારથી ગુજરાતમાં આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા ચરમ પર પહોંચી ચૂકી છે. હવે ગુજરાતની જનતા ઈસુદાન ગઢવીને જ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જોવા માંગે છે. અરવિંદ કેજરીવાલ ગુજરાતના વિવિધ શહેરોમાં રોડ શોનાં માધ્યમથી ગુજરાતની જનતા સુધી પહોંચી રહ્યા છે અને દરેક જગ્યાએ અરવિંદ કેજરીવાલજીનાં રોડ શોને જનતાનો જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે.

આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે રોડ શોમાં હાજર હજારો લોકોને સંબોધિત કરતા કહ્યું કે, અમને ગુજરાતમાં લોકોનો એટલો પ્રેમ મળી રહ્યો છે તમે લોકોએ મને તમારો ભાઈ માન્યો છે, તમારા પરિવારનો ભાગ માન્યો છે, અમારી સરકાર બનશે તો હું તમારો ભાઈ બનીને તમારા પરિવારની જવાબદારી સંભાળી લઈશ. આજે લોકો મોંઘવારીથી ત્રસ્ત છે. મોંઘવારી એટલી વધી ગઈ છે કે લોકો ગુજરાન નથી ચલાવી શકતા. હું તમારી મોંઘવારી દૂર કરી દઈશ. અમારી સરકાર બન્યા પછી ૧ માર્ચથી તમારું વીજળીનું બિલ હું ભરીશ. તમારું વીજળીનું બિલ ઝીરો આવવા લાગશે. ગુજરાતમાં પણ અમે ૨૪ કલાક અને મફત વીજળી આપીશું.

તમારા બાળકો માટે રોજગારની વ્યવસ્થા કરીશું. અત્યારે અહીં ઘણી બેરોજગારી છે.

# ગઠબંધનની વાત કરનારા ભરતસિંહ સોલંકીનો યુ-ટર્ન

અમદાવાદ, તા.૬

મિશન ૨૦૨૨ના પ્રચારના ભાગરૂપે કોંગ્રેસે ભાજપ સરકાર સામે આરોપનામું રજૂ કર્યું હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીએ પ્રજા સમક્ષ ભાજપ સામેનું આરોપનામું રજૂ કર્યું હતું. પ્રેસ કોન્ફરન્સ સંબોધતા ભરતસિંહ સોલંકીએ મહત્વપૂર્ણ નિવેદન આપીને ખળભળાટ મચાવ્યો છે.

ભરતસિંહ સોલંકીએ આ વિશે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, રાજ્યમાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. જનતા જનાર્દન પોતાનું મન બનાવી રહી છે. પરંતુ આ વખતે પ્રજા બધી જ વસ્તુઓ ખુબ સારી રીતે જાણે છે. રાજકીય પક્ષ તરીકેની અમારી ભૂમિકા સાચી વાત રજુ કરવાની છે. માટે જ કોંગ્રેસ ભારતીય જનતા પાર્ટી સામે તહોમતનામું મૂકી રહી છે. જનતાના સહકારથી અમે એક મહિના પછી સરકાર બનાવીશું, ત્યારે પ્રજાને યોગ્ય સાબિત થવા માટે અમે પૂરો પ્રયાસ કરી રહ્યા છીએ.

ભરતસિંહે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપની લોકોને મુખ્ય મુદ્દાથી અન્ય દિશામાં લઈ જવાની બધા જ હથકંડા અજમાવવાની છે, એટલે અમે મૂળ વાસ્તવિકતાને સામે લાવી રહ્યા છીએ. ભુપેન્દ્ર ભાઈ પટેલના એન્જીનને ધક્કો મારવા માટે કદાચ સી આર પાટીલ છે. ગુજરાતની સ્થાપના બાદ ગુજરાતે ઝડપથી પ્રગતિ કરી છે. કોંગ્રેસના મુખ્યમંત્રીના સમયમાં ૧૮-૩૦ ટકા વૃદ્ધિ હતી. માથાદીઠ આવકમાં ગુજરાત પ્રથમ નંબરે આવતું હતું. એ જમાનાની કોંગ્રેસની સરકારોએ જાપાન સાથે ઈન્ડસ્ટ્રીયલ ઝોન શરૂ કરવાની શરૂઆત કરી હતી. ભરતસિંહ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી ઘણી ઘટનાઓમાં જનતાનો પક્ષ મુકવામાં નિષ્ફળ ગઈ છે. નોટબંધી થઈ ત્યારે ઘણી જાહેરાતો કરવામાં આવી પણ આજે બતાવે તો ખરા કે શું થયું? સેટેલાઈટથી પણ નોટ પકડી પાડશે આ કેવી જાહેરાતો કરી. હેપ્પીનેસ ઈન્ડેક્સમાં મને લાગે છે કે ગુજરાતની જનતાને સૌથી નીચે લઈ ગઈ છે. બે રીતેનું દુઃખ જનતાને મળે છે,

# દમણ-ગુજરાતની ચેકપોસ્ટથી બિનહિસાબી રોકડ પકડાઈ

## ફૂડ કોર્નરના સંચાલક પાસેથી ૧૬ લાખની બિનહિસાબી રોકડ પકડાઈ

વલસાડ, તા.૬

વલસાડ જિલ્લામાં આચારસંહિતાનો કડકાઈથી અમલ કરવામાં આવી રહ્યો છે. જિલ્લાના બોર્ડર પર આવેલા બે સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલી સાથે પડોશી રાજ્ય મહારાષ્ટ્રની હદ પારની ચેકપોસ્ટો પર પોલીસની સાથે અન્ય ટીમો પણ તૈનાત કરવામાં આવી રહી છે અને બંને સંઘ પ્રદેશો અને મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન દમણ અને ગુજરાતની બોર્ડર પર આવેલી ભીલાડ નજીકની જંબુરી ચેકપોસ્ટ પરથી વાહન તપાસ દરમિયાન એક કારમાંથી ૧૬.૫ લાખ રૂપિયા જેટલી મોટી રોકડ રકમ ઝડપાઈ હતી. આથી તંત્ર દ્વારા આવકવેરા વિભાગને પણ તેની જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, આ રોકડ રકમ દમણ અને ઉમરગામમાં શ્રી ફૂડ કોર્નર નામના સુપર સ્ટોર ચલાવતા સંચાલકોની હોવાનું બહાર આવ્યું હતું. સ્થળ પરથી હર્ષ રાણા અને રમીઝ અહેમદ નામના બે વ્યક્તિઓની અટકાયત કરી તેમની પૂછપરછ કરતા આ રોકડ રકમ શ્રી ફૂડ કોર્નરના સંચાલકોની હોવાનું બહાર આવ્યું હતું. તેઓ દમણ અને ઉમરગામમાં ત્રણ સુપર સ્ટોર ચલાવે છે. સેલવાસ રહેતા તેમના મામાને રોકડની જરૂર હોવાથી તેઓ દમણના સુપર સ્ટોરમાં જમા થયેલી આ રોકડ રકમ સેલવાસ રહેતા તેમના મામાને આપવા જઈ રહ્યા હતા .એ દરમિયાન જંબુરી ચેકપોસ્ટ પરથી ટીમોના હાથે ઝડપાયા હતા. આથી ટીમોએ આવકવેરા વિભાગને પણ તેની જાણ કરી હતી.

મહત્વપૂર્ણ છે કે, વલસાડ જિલ્લામાં આદર્શ આચારસંહિતાના કડકાઈથી અમલ કરવા માટે ૭૨ જેટલી ટીમો તૈનાત છે. જેમાં વીડિયો સર્વિલન્સ ટીમ અને ફ્લાઈંગ સ્કવોડ બનાવવામાં આવી છે અને જિલ્લામાં મોટી નાણાકીય રોકડ રકમ અને હેરફેર પર બાજનજર રાખવામાં આવી રહી છે. અત્યારે પોલીસે દમણ અને ગુજરાતની હદ પર જંબુરી ચેક પોસ્ટ પર દમણમાંથી ગુજરાતમાં પ્રવેશ કરી રહેલી આ કારમાંથી ઝડપાયેલી ૧૬.૫ લાખ જેટલી રોકડ રકમ જપ્ત કરી તેમના સંચાલકોની પૂછપરછ કરી છે. આવકવેરા વિભાગે પણ આ નાણાં ક્યાંથી આવ્યા અને તેનો શું ઉપયોગ કરવામાં આવનાર હતો, તેના સંપૂર્ણ હિસાબ અંગે પણ તપાસ શરૂ કરી છે. મહત્વપૂર્ણ છે કે, વલસાડ જિલ્લાને બે સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલી સાથે પડોશી રાજ્ય મહારાષ્ટ્રની હદ પણ લાગેલી છે. આથી વલસાડ જિલ્લામાં તંત્ર દ્વારા આંતરરાજ્ય બોર્ડર ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને આ બોર્ડર પર દમણ, દાદરા નગર હવેલી સાથે મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશતા તમામ મોટા રસ્તાઓ હાઈવે અને અંતરિયાળ રસ્તાઓ પર ૨૭ જેટલી ચેકપોસ્ટો બનાવવામાં આવી છે. ત્યાંથી પડોશી સંઘપ્રદેશો અને રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આચારસંહિતાના અમલ દરમિયાન ૧૬.૫ લાખ રૂપિયા ની રોકડ રકમ જપ્ત કરતાં જ વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. જોકે, અત્યારે આ સમગ્ર પ્રકરણ અંગે સંબંધિત ટીમો ઊંડાણપૂર્વક તપાસમાં લાગી છે.

# શિક્ષણ સાથે સંસ્કાર સિંચનનું શ્રેષ્ઠ માધ્યમ એટલે ગુરુકુળ:રાજ્યપાલ શ્રી

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે અમદાવાદ ખાતે સ્વામીનારાયણ ગુરુકુળ, રાજકોટ સંસ્થા દ્વારા નવનિર્મિત ગુરુકુળ-શાંતિગ્રામના સંતગણની ઉપસ્થિતિમાં શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રી એ જણાવ્યું હતું કે ગુરુકુળ એ ભારતીય વૈદિક પરંપરા અનુસાર શિક્ષણ સાથે સંસ્કાર સિંચન કરતું શ્રેષ્ઠ વિદ્યાધામ છે. તેમણે જણાવ્યું હતું કે ગુરુકુળમાં વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસની સાથે આત્મિક વિકાસ પણ થાય છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ૨૦મી સદીની શરૂઆતમાં સ્વામી શ્રદ્ધાનંદજીએ ગંગા નદીના કિનારે ગુરુકુળ કાંગડીની સ્થાપના કરીને, વૈદિક પરંપરા અનુસારની લુપ્ત થતી ગુરુકુળ શિક્ષણ પદ્ધતિને પુનઃજાગૃત કરી હતી. શ્રી ધર્મજીવનદાસજી શાસ્ત્રીજી મહારાજે વર્ષ ૧૯૪૮માં ગુજરાતમાં સૌપ્રથમ રાજકોટમાં ગુરુકુળની સ્થાપના કરીને આ કાર્યને આગળ ધપાવ્યું અને સંતોના આશીર્વાદથી ગુજરાતભરમાં ૫૦ જેટલા ગુરુકુળની સ્થાપના કરીને વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કાર સિંચનનો પુરુષાર્થ સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટના માધ્યમથી સ્વામી દેવકૃષ્ણદાસજી અને સંતોના આશીર્વાદથી થઈ રહ્યો છે.

રાજ્યપાલશ્રી એ આ પ્રસંગે જણાવ્યું હતું કે મનુષ્ય નિર્માણનું કાર્ય જ સૌથી મોટું પુણ્ય કાર્ય છે અને સદવિદ્યા વિના તે શક્ય નથી. તેમણે ગુરુકુળને સદવિદ્યાનું કેન્દ્ર ગણાવ્યું હતું. રાજ્યપાલશ્રી એ વિદ્યા દાનથી મોટું બીજું કોઈ દાન નથી તેમ જણાવ્યું હતું. શિક્ષણ સંસ્થાનો અને ગુરુકુળના નિર્માણ માટે દાન આપનારા સૌ શ્રેષ્ઠ દાનવીર છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ આ ગુરુકુળના નિર્માણ માટે દાન આપનારા દાનશ્રેષ્ઠીઓનું સન્માન પણ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ સંસ્થા મહંત શ્રી દેવ કૃષ્ણદાસજીએ વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારની આવશ્યકતા જણાવી હતી.

### આરંભ કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જે મોટાભાગે માણસામાં નોંધાયુ છે. રાઈનું વાવેતર પણ ૨૭૫ હેક્ટરમાં નોંધાયાના અહેવાલો મળી રહ્યા છે. ગાંધીનગર, કલોલ અને માણસામાં રાઈના વાવેતરનો પ્રારંભ થયો છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર ૧૧૦ હેક્ટરમાં થયુ છે. ઘઉંનું વાવેતર ડિસેમ્બર માસમાં વધશે તેમ મનાઈ રહ્યુ છે.

ચૂંટણીની મોસમ વચ્ચે ખેડૂતોની વાવણીની સીઝનને લઈ ગ્રામ્ય વિસ્તારમાં હજુ વાવણી માટે ખેડૂતો તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

### નોનયુઝ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયતમાં લિફ્ટ મુકવાને લઈ પણ સરકારે મંજૂરી આપી નથી. હવે બિલ્ડીંગ નોનયુઝ જાહેર થાય તે પછી ક્યારે વૈકલ્પિક જગ્યા ફાળવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

સચિવાલયના સૂત્રોમાંથી મળેલી વિગતો પ્રમાણે પંચાયતને તાત્કાલિક બેસવા માટેની વૈકલ્પિક જગ્યાઓ સૂચવવા જણાવાયુ છે પરંતુ બીજી તરફ નગર સેવા સદનની ખાલી જગ્યા જે પડી હતી ત્યાં મનપાએ વોર્ડ કચેરી શરૂ કરવાનું કહી જગ્યાનો કબ્જો છોડ્યો નથી પરંતુ ચોથો માળ અને બીજો માળ ફાળવવામાં આવે તેવી શક્યતા છે.

ચૂંટણીના સમયે જ આ મુદ્દો સામે આવતાં સત્તાધીશો પણ નારાજ થયા છે અને હવે નોનયુઝ બિલ્ડીંગમાં જ હમણાં પંચાયતની કામગીરી ચાલુ રખાશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### કવાયત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવાર જાહેર કરે તેને સ્વીકારીને પ્રથમ દિવસથી જ પ્રચાર કાર્યમાં જોડાઈને ભાજપને જીતાડવા માટે કામે લાગી જવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. ભાજપે ઉમેદવારો જાહેર કરે તે પહેલા જ ડેમેજ કંટ્રોલ એક્સરસાઈઝ હાથ ધરી છે અને પક્ષમાં કોઈપણ બેઠક ઉપર બળવો ન થાય કે પક્ષે જાહેર કરેલ સત્તાવાર ઉમેદવાર સામે કાર્યકરો નારાજ ન થાય તે માટે અગાઉથી જ તમામ આગેવાનો અને કાર્યકરોની સાથે બેઠક કરીને તેમને માર્ગદર્શન આપીને પાણી પહેલા પાર બાંધી દીધી છે.

### ભાજપની જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઠાકરેની અપીલ બાદ અંતિમ સમયમાં પોતાના ઉમેદવારને પરત લઈ લીધો હતો. તેના કારણે ઉદ્ધવની શિવસેનાના ઉમેદવાર ઋતુજા લટકે માટે મુકાબલો સરળ થઈ ગયો હતો.

તેલંગણાના મુનુગોડુ પેટાચૂંટણીમાં ટીઆરએસે બાજી મારી છે. કોંગ્રેસ ધારાસભ્ય કોમિતા રેડ્ડીએ પાર્ટી બદલતા રાજીનામું આપ્યું હતું અને અહીં પેટાચૂંટણી યોજાઈ હતી. મુનુગોડુ સીટ પર ભાજપના ઉમેદવાર રાજગોપાલ રેડ્ડી અને ટીઆરએસના પૂર્વ ધારાસભ્ય કુસુકુંતલા પ્રભાકર રેડ્ડી અને કોંગ્રેસના કી પી શ્રવંતી વચ્ચે મુકાબલો હતો.

ઓડિશાના ભદ્રક જિલ્લાના ધામનગર વિધાનસભા સીટ પર ભાજપ ઉમેદવાર અને દિવંગત નેતા વિષ્ણુ સેઠીના પુત્ર સૂર્યવંશી સૂરજે જીત મેળવી છે. અહીં બીજૂ જનતા દળે તિહિડી પ્રખંડની અધ્યક્ષા અવંતી અને કોંગ્રેસે બાબા હરેકૃષ્ણ સેઠીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા.

ઉલ્લેખનીય છે કે દેશના છ રાજ્યોની સાત સીટો પર યોજાયેલી પેટાચૂંટણીના પરિણામ આવ્યા છે, જેમાંથી છ સીટો પર ધારાસભ્યોના નિધન બાદ ચૂંટણી યોજાઈ હતી. જેમાં ત્રણ સીટ ભાજપ, ૨ કોંગ્રેસ અને એક-એક સીટ આરજેડી અને ઉદ્ધવ ઠાકરે જૂથ પાસે હતી.



શિયાળાની હવે ધીમે ધીમે શરૂઆત થઈ રહી છે ત્યારે લોકો બગીચાઓમાં મોર્નિંગ વોક અને કસરત કરતા નજરે પડી રહ્યા છે.

### ડિપોઝીટ જપ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે યોગ્ય ન માની. પરંતુ આ ચૂંટણીથી તે સ્પષ્ટ થઈ ગયું છે કે હરિયાણામાં વિપક્ષની જગ્યા ખાલી છે અને ભાજપને હરાવવા કોંગ્રેસ અને ભૂપેન્દ્ર હુડ્ડાના હાથની વાત નથી. તેથી આમ આદમી પાર્ટી હવે ૨૦૨૪માં વ્યવસ્થા પરિવર્તન અને સરકાર બનાવવાના લક્ષ્યને લઈને લોકો વચ્ચે જશે. નોંધનીય છે કે આદમપુર પેટાચૂંટણીની મતગણતરીમાં ૧૫ હજારથી વધુ મતોથી ભાજપના ઉમેદવાર ભવ્ય બિશ્નોઈની જીત થઈ છે. ભવ્ય બિશ્નોઈએ દરેક ૧૩ રાઉન્ડમાં લીડ જાળવી રાખી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર જય પ્રકાશ બીજા સ્થાન પર રહ્યા. મત ગણતરી પૂરી થયા બાદ પ્રકાશે કહ્યુ કે તે ૨૦૨૪માં થનારી ચૂંટણી આદમપુરથી લડશે.

### સમૃદ્ધ મંદિરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્વેલરી પણ છે જેમાંથી મોટા ભાગની એન્ટીક પિસ છે. તેથી તે અમૂલ્ય છે અને કિંમતનો અંદાજ લગાવી શકાતો નથી. આ ઉપરાંત મંદિર પાસે બેન્કોમાં લગભગ ૧૬,૦૦૦ કરોડની ડિપોઝિટ જમા છે.

શ્રી વેંકટેશ્વર મંદિરને શ્રદ્ધાળુઓના દાન, તેના પોતાના બિઝનેસ તથા સંસ્થાઓ પાસેથી મળતી રકમની આવક થાય છે. હાલમાં આ મંદિર સમગ્ર દેશમાં ૯૬૦ પ્રોપર્ટી ધરાવે છે અને મંદિર પાસે કુલ ૭૧૨૩ એકર જમીન છે. મંદિર ટ્રસ્ટના એક્ઝિક્યુટિવ ઓફિસર એ. વી. ધર્મા રેડ્ડીએ જણાવ્યું કે ૨૦૧૯માં જુદી જુદી બેંક્રોમાં ફિક્સ્ડ ડિપોઝિટનું મૂલ્ય ૧૩,૦૨૫ કરોડ હતું. હવે તે વધીને ૧૫,૯૩૮ કરોડ થયું છે. છેલ્લા ત્રણ વર્ષમાં તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમના રોકાણમાં લગભગ ૨૯૦૦ કરોડનો વધારો થયો છે. આ મંદિરની મુલાકાતે જાણીતા ઉદ્યોગપતિઓ, નેતાઓ અને સેલિબ્રિટિઝ પણ આવતા હોય છે. તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વડા મુકેશ અંબાણીએ પણ ભાવિ પુત્રવધુ સાથે તિરુમાલાના મંદિરની મુલાકાત લીધી હતી અને ૧.૫૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું.

### સેમીફાઈનલમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હરાવી સેમીફાઈનલમાં એન્ટ્રી કરી છે. ભારતીય ટીમ ગ્રુપ-૨માં પ્રથમ સ્થાને રહી છે. એટલે કે ભારતનો સામનો ગ્રુપ-૧ની બીજી ટીમ ઈંગ્લેન્ડ સામે થશે. ભારત અને ઈંગ્લેન્ડ ૧૦ નવેમ્બરે એડિલેડના મેદાન પર એકબીજા સામે ઉતરશે. રોહિત શર્માની સામે જોસ બટલરની ટીમનો પડકાર હશે. નોંધનીય છે કે એડિલેડનું મેદાન વિરાટ કોહલી માટે હંમેશા લક્કી રહ્યું છે. એટલે કે કોહલી ફરી પોતાના આ ખાસ મેદાન પર શાનદાર પ્રદર્શન કરી ભારતને ફાઈનલની ટિકિટ અપાવી શકે છે.

# સરકારી તથા ખાનગી ઈમારતોથી પ્રચારાત્મક સામગ્રી દૂર કરાઈ

## આશરે ૫૨,૩૭૫ પ્રચારાત્મક સામગ્રી દૂર કરી દેવાઇ : આદર્શ આચારસંહિતાનો કડક અમલ

અમદાવાદ, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨ની જાહેરાત થતા જ અમદાવાદ જિલ્લામાં આદર્શ આચાર સંહિતાનો ચૂસ્ત અમલ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના નિર્દેશ મુજબ શહેર-જિલ્લાના વિધાનસભા વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા સમિતિ સક્રિય થઈ ગઈ છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં બે દિવસમાં જ સરકારી તથા ખાનગી ઈમારતો પરથી આશરે ૫૨,૩૭૫ પ્રચારાત્મક સામગ્રી દૂર કરી દેવામાં આવી છે. આચાર સંહિતા અમલના ૨૪ કલાકમાં અમદાવાદ શહેર અને જિલ્લામાંથી ૨૫,૦૨૮ જેટલી પ્રચારાત્મક સામગ્રી હટાવાઈ છે.

ચૂંટણી જાહેરાતના બે દિવસમાં જ અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ધવલ પટેલેના નિર્દેશ મુજબ આચારસંહિતા સમિતિની ચૂસ્ત કામગીરી શરૂ કઈ દેવાઈ છે. જેમાં શહેર અને જિલ્લામાં બે દિવસમાં જ સરકારી તથા ખાનગી ઈમારતો પરથી આશરે ૫૨,૩૭૫ પ્રચારાત્મક સામગ્રી દૂર કરી દેવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત બીજા દિવસે પણ ૨૫,૦૯૦ જેટલી પ્રચારાત્મક સામગ્રીઓ દૂર કરવામાં આવી છે. તે સિવાય વિવિધ પોલિટિકલ પાર્ટીના ખર્ચ. નાણાકીય હેરફેર સહિત વિવિધ બાબતો પર નજર રાખવા ફ્લાઈંગ સકોર્ડ એક્ટિવ કરી દેવાઈ છે. સાથે સી વિઝીલ એપ્લિકેશન પણ શરૂ કરી દેવાઈ છે. જેની અંદર મોડલ પ્રોડક્ટ કંડક્ટ બાબતની વાયોલેશનની ફરિયાદો લોકો પોતે રજુ કરી શકે છે અને એને સમય મર્યાદામાં જ નિકાલ થઈ શકે છે, જેથી આદર્શ આચારસંહિતાનો ભંગ ન થાય.

અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ધવલ પટેલની સૂચના તથા ચીફ નોડલ ઓફિસર એ.એમ. દેસાઈના માર્ગદર્શન મુજબ તથા આદર્શ આચાર સંહિતા સમિતિના અમદાવાદ શહેરના નોડલ અધિકારી રામ્યાકુમાર ભટ્ટ તથા અમદાવાદ ગ્રામ્યના નોડલ અધિકારી એચ.આઈ. પટેલના નિરીક્ષણ હેઠળ શહેર તેમજ જિલ્લામાં જાહેર સ્થળો, સરકારી ઈમારતો તેમજ ખાનગી ઈમારતો પરથી સરકારી જાહેરાતો તથા રાજકીય લખાણોવાળા પોસ્ટર, બેનર, ઝંડીઓ ઉતારવાની, દીવાલ પરના લખાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

બે દિવસમાં અમદાવાદના કુલ ૨૧ વિધાનસભા મત વિસ્તારોમાંથી કુલ ૫૨,૩૭૫ પ્રચારાત્મક સામગ્રી દૂર કરી નાંખવામાં આવી છે.

જેમાં સરકારી મિલકતો પરથી ૩૦,૯૭૫ દીવાલો પરના લખાણો ભૂંસી નંખાયા છે, તો ૯૪૫૮ પોસ્ટર્સ તથા ૫૬૯૬ બેનર્સ તેમજ ૩૯૮૯ જેટલી અન્ય પ્રચારાત્મક સામગ્રી મળીને કુલ ૫૦,૧૧૮ સામગ્રી દૂર કરી નાંખવામાં આવી છે. જ્યારે જિલ્લાની ખાનગી મિલકતો પરથી પણ ૧૩૮૨ દીવાલ પરના લખાણો, ૪૦૧ પોસ્ટર્સ, ૩૧૬ બેનર્સ, ૧૫૮ અન્ય મળીને કુલ ૨૨૫૭ જેટલી પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે. આમ, નિષ્પક્ષ અને ભયમુક્ત માહોલમાં ચૂંટણી યોજવાની પ્રતિબદ્ધતા સાથે જિલ્લા ચૂંટણી તંત્ર સતત સક્રિયપણે આ કાર્ય કરી રહ્યું છે. આમ જિલ્લા તંત્ર દ્વારા વિધાનસભા ચૂંટણીને લઈને પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે અને જો કોઈએ આદર્શ આચારસંહિતાનો ભંગ કરશે તો તેઓએ કાયદાકીય પ્રક્રિયા માંથી પણ પસાર થવા તૈયાર રહેવું પડશે તે નક્કી છે. કેમ કે તંત્ર આવા લોકોને બક્ષવાના કોઈ મૂળમાં નથી.

ટચુકડી
જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧